

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વાટાઘાટોમાં રોકી છાની ચડાઈ કર્યા કરો !*
*ને નામ દીધા વિના ખૂલ્લી લડાઈ કર્યા કરો !*
*નફટાઈથઈ 'પંચશીલ' ને સીલ કર્યા કરો !*
*ભંગ કરવાની શરતે કરારો કર્યા કરો !*
*(ચીની ચાલ - પ્રપંચી બદલાવ)*

### હાઈકુ

*ચીં-યૂં યૂં-ચીન,*
*મન-વચન-કર્મે*
*અસત્યવાદી...*
*(ઉંદર ખાઉં...)*

*પ્રપંચી વાણી,*
*કરાયન ભરોસો -*
*છે બહુમુખી...*
*(ચાઈનીઝ દારૂખાનું ક્યાંથી ફૂટે ખબર ન પડે...)*

### ચિંતન

**નિ:સંગો નિષ્ક્રિયો અસિ ત્વં સ્વપ્રકાશો નિરંજન ।**
**અયમ્ એવ હિ તે બન્ધ: સમાધિમ્ અનુતિષ્ઠસિ ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

તું નિ:સંગ છો, ક્રિયાશૂન્ય છો, સ્વયંપ્રકાશ છો, નિરંજન છો, તારું બંધન માત્ર એ જ છે કે તું સમાધિ - અનુષ્ઠાન કરી રહ્યો છો.

અહીં અષ્ટાવક્રનો ભાવ સાક્ષીભાવ પર અને જાતને જાણવા પર છે. તું આવો થા કે તેવો થા તેમ નથી કહેતા. તું આવો આવો જ છે એણ કહે છે, પણ તેનો તને ખ્યાલ નથી, કારણ કે તું અમુક અમુક પ્રકારનાં બંધનોથી જ જકડાયેલો છે. પહેલાં તો તારે તેમાંથી મુક્ત થવાનું છે. એ માટે જ પહેલાં જાતને જાણવી જરૂરી છે. તે માટે અહીં કહે છે : તું નિ:સંગ છો. તારે કોઈનો સંગ જ નથી. એકલો જ છો તારી સાથ કોઈ ન આવે તો તું એકલો જાને રે...!! આયે ભી એકલા ઔર જાયે ભી અકેલા...!

આત્મતત્વ જ સાચો તું છે, નહીં કે આ શરીર ! જો કાંઈ ક્રિયા નથી, ક્રમ નથી, તો તેનું કાંઈ બંધન પણ નથી. આમ તું નિરંજન છે, સંપૂર્ણ શુદ્ધ જ છે. કોઈ દોષ છે જ નહીં.

### સુવિચાર

- શબ્દોનો પણ સ્વાદ હોય છે એટલે એ બોલ્યા પહેલા ચાખી લેવા. જે આપણને ના ભાવે તો એ બીજાને કેમ ગમે ?? - **જિગ્નેશ દાદા**
- બુદ્ધિથી પ્રભુ જણાય છે, પ્રેમથી પ્રભુ પમાય છે - **ધર્મલોક**
- કંજૂસ મરે ત્યારે વારસદારો ને દિવાળી થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વેર વાળવાનું ન હોય, પણ વેર ને વળાવવાનું હોય - **નવનીત**
- જે તુચ્છ બાબતો છે તેનો આગ્રહ છોડીએ, જે ઉચ્ચ બાબતો છે તેનો આગ્રહ સેવીએ - **મોરારિ બાપુ**
- કદાચ આપણી મિલ્કતના વારસદાર ઘણાં હોઈ શકે... પણ કરેલાં કર્મોના કરજદાર આપણે પોતે જ છીએ - **યોગેશ પંડ્યા**
- આજનું ઔષધ : પાકા પપૈયાની પેસ્ટ ખંજવાળ વાળી જગ્યા પર દસ મિનિટ લગાડી રાખવાથી ખંજવાળ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયોર્જ નામનો એક માણસ નદીના તટ પર આવેલી એક ખાણમાં હીરા શોધવાના કામે લાગ્યો. તેના મિત્રો પણ એની સાથે જોડાયા. એક વર્ષ સુધી અથાગ મહેનત કરી ઘણું ખોદ્યું, ઘણા પથ્થરો ફોડી નાખ્યા તેમ છતાં એકેય હીરો જડ્યો નહીં. નિષ્ફળતા મળી ઘણો ખરચો પણ કર્યો. એક દિવસ હતાશ થઈ તેણે કામ છોડી દેવાનું નક્કી કર્યું. પરંતુ એનું મન કહેતું હતું કે હજી એક વાર પ્રયત્ન ચાલુ રાખવો. અને વધુ ત્રીજ દિવસ મહેનત કરવા મન મક્કમ કર્યું. આ વખતે ઓગણત્રીસમાં દિવસે એક મોટો પથ્થર નીકળ્યો. જેને ધીમેથી ફોડ્યો અને એમાંથી એક મૂલ્યવાન હીરો મળ્યો. બજારમાં તે વેચવા થકી તેને એક લાખ ડૉલર મળ્યા. તેનો ઉત્સાહ વધ્યો. ડબલ જુસ્સાથી અને ધગશથી કામ આગળ વધાર્યું. નવી ખોદકામના ઓજારો વસાવ્યા. મહેનત વધી અને થોડા દિવસોમાં ઢગલાબંધ હીરા મળ્યા. હવે તે સુપ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત નાગરિક બની ગયો. એણે પોતાની ઓફિસના પ્રવેશદ્વાર પર એક પાટીયું મુકાવ્યું. જેની પર લખેલું હતું. 'નિરાશાની ક્ષણોમાં પણ આશા રાખી કામમાં લાગી રહો.' સાર એ જ છે કે સતત પ્રયત્ન કર્યા થકી ફળ પ્રાપ્તિ થયા વગર રહેતી જ નથી.

# કોરોનાગ્રસ્ત સંસદ અને કરુણાગ્રસ્ત હસ્તીઓ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી હજી સુધી કોરોનાની ચપેટમાં નથી આવ્યા ત્યાં સુધી પેલા રણમાં દોડી દોડી હાંફી ગયા પછી રેતીના ઢૂવામાં માથું સંતાડી દેનાર દંતકથાના શાહમૃગની જેમ આપણે ગરવા ગુજરાતીઓ પણ જરૂર આભાસી ખેરિયત અનુભવી શકીએ. પરંતુ મોદી પછીના 'નંબર ટુ' ગણાતા ગુજ્જુ ગૃહપ્રધાનને અને એમને નિયુક્ત કરેલા ગુજરાત પ્રદેશ ભાજપના અતિ ઉત્સાહી હાકેમને કોરોના સામે ઝીંક ઝીલતાં ઝીલતાં હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી ડૉકટરોની અપાર જહેમત પછી કોરોના સંક્રમણથી મુક્ત થયા છે પરંતુ 'પોસ્ટ કોવિડ' તબક્કો પણ ખતરાથી ખાલી નથી એ જાણતા હોઈ લાંબા સમયથી 'સીમ્સ'ની મહેમાનગતિ માણી રહ્યા છે. આ બધા કરતાં સૌથી સુખદ સમાચાર એ છે કે ૯૪ વર્ષના માધવસિંહ અને ૯૨ વર્ષના કેશુભાઈને કોરોના સ્પર્શી શક્યું નથી ! મુખ્યમંત્રીએ 'ટેસ્ટ ઈઝ બેસ્ટ'નું સૂત્ર વહેતું મૂકી પોતે કોરોના ટેસ્ટ કરાવ્યો છે અને નેગેટિવ નીકળ્યા છે. એમને ખરેખર અભિનંદન ઘટે છે. એમને ઓવરટેક કરી ભીડ વાળી રેલીઓ યોજનાર સી.આર. પાટિલનો બીજી વારનો ટેસ્ટ પણ પોઝીટીવ આવ્યો છે. મતલબ કે કોરોના આગળ કોઈની ડંફાસ ચાલતી નથી. નિર્દોષ પૂર્વ રાષ્ટ્રપતિ અને પૂર્વ ગ્રામવિકાસ મંત્રીને કોરોનાનો કોળિયો બની જવું પડ્યું છે. પવિત્ર સંત અને મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના અધ્યક્ષ પૂ. પુરુષોત્તમ પ્રિયદાસજીએ અઢળખ ઉપચારો પછી કોરોના સામે હાર સ્વીકારી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખે સુખિયા થવાનો વિકલ્પ સ્વીકારવો પડ્યો હતો. સંસદનું સત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે 'દો ગજ કી દૂરી અને માસ્ક હે જરૂરી' તથા 'જબ તક નહીં દવાઈ તબ તક નહીં ઢીલાઈ' જેવાં વડાપ્રધાનનાં સૂત્રોના અમલીકરણ સાથે 'નેગેટિવ' સાંસદો દેશના પ્રશ્નોની ચર્ચા કરશે ! 'પોઝિટિવ' આવેલા સાંસદોને દરવાજેથી જ બહાર મોકલી દેવાશે. ગૃહમંત્રી હવે પૂરેપૂરા સ્વસ્થ હોવાનું 'એમ્સ' બ્રાન્ડ સર્ટિફિકેટ લઈ આવ્યા હોઈ કદાચ એમને એન્ટ્રી મળશે - અલબત્ત, 'મોદી ઈચ્છા બલીયસી'! આ સમય દરમિયાન બે મહાન વિચારશીલ મહાનુભાવોએ દમ તોડી દીધો છે જે આપણા લોકતંત્ર માટે લાંબી ખોટ પુરવાર થશે. સ્વામી અગ્નિવેશ એમના નામની જેમ ભ્રષ્ટાચાર સામે આઠે પહોર આગ ઓકનારા સંન્યાસી હતા. એમના પ્રશંશકો કરતાં ટીકાકારો વધારે સંખ્યામાં હતા અને છે, કારણ કે આ આર્યસમાજી સંન્યાસીમાં ટંકારાના શિવમંદિરના લિંગ પર ઉંદરડા ફરતા જોઈ મૂર્તિપૂજાને નિરર્થક ગણનાર અને દેશભરમાં માત્ર અને માત્ર વૈદિક ધર્મનો જ પ્રચારપ્રસાર કરનાર દયાનંદ સરસ્વતીનો આત્મા જીવતો હતો. એ સિવાય અમરનાથના બરફના શિવલિંગને બરફનો ટૂકડો કહેવાની હિંમત થોડી કરી શકયા હોત! સ્વામી અગ્નિવેશની વિદાયથી જેમ એક સાચા બોલા અને આખાબોલા રાષ્ટ્રીય નેતાની ખોટ પડી છે એમ બિહારી જનતાના 'ડાઉન ટુ અર્થ' કિસાન નેતા, લાલુપ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળથી લઈ મનમોહનસિંહની 'મનરેગા' યોજનાના ઘડવૈયા તરીકેની ભૂમિકા ભજવનાર રઘુવંશપ્રસાદ સિંહની કોરોનાને કારણે થયેલી 'એક્ઝિટ' સંસદ અને દેશ બેઉ માટે કાયમી ખોટ બની રહેશે. કમનસીબે રઘુવંશ પ્રસાદ સિંહ એમના અંતરાત્માના અવાજને દબાવી છેક મૃત્યુના આગલા દિવસ સુધી લાલુ પાર્ટી સાથે જોડાયેલા રહ્યા અને એથી જ મોદીજુવાળમાં સંસદની એમની બેઠક સાચવી શક્યા નહોતા એ આપણી પ્રજાકીય વિડંબના ગણાવી જોઈએ.

# જે પુત્રના ખભા પર કે માથા પર પિતાનો હાથ હોય તે પુત્ર તો દુનિયાનો સૌથી શક્તિશાળી માણસ જ હોય ને...



**નવાં કલેવર**
નટવર હેડાઉ

મેટ્રો સીટીની સુંવાળી સડક પર એક ખુબ જ આલીશાન કહેવાય તેવી બીએમડબલ્યુ સડસડાટ દોડી રહી હતી. મોલ, મલ્ટીસ્ટોરી બિલ્ડીંગો, મલ્ટીપ્લેક્સ થિયેટરો અને વળાંક લેતા ઓવરબ્રીજો પરથી પસાર થતી આગળ વધી રહી હતી. લોકોની ચહલપહલથી અને બજારોની ઝાકઝમાળથી કારમાં બેઠેલ ગામડેથી આવેલ વૃદ્ધ પિતા અચરજથી જોઈ રહ્યા હતા.

એક વિશાળ બિલ્ડીંગના સુંદર બગીચાને પાર કરી તેમની કાર બેઝમેન્ટમાં આવેલ પાર્કિંગમાં આવી ઊભી રહી. પિતા પુત્ર કારમાંથી ઉતર્યા અને બિલ્ડીંગના ચાલીસમાં માળે આવેલ દીકરાની ઓફિસમાં જવા માટે લીફટમાં ઊભા રહ્યા. પારદર્શક કાચની એ લિફટમાંથી શહેરનો નઝારો દૂર સુધી જોઈ શકાતો હતો. લીફટ ઊભી રહી એટલે બંને બહાર નીકળ્યા. સિક્યોરિટી ગાર્ડે સલામ કરી.

દીકરા એ પિતા સાથે ઓફિસમાં પ્રવેશ કર્યો. કર્મચારીઓનું અભિવાદન ઝીલતા બંને દીકરાની શાનદાર ઓફિસની ચેમ્બરમાં પ્રવેશ્યા. પિતા પુત્રના ખભે હાથ મૂકી ઊભા રહ્યા. અને પ્રેમપૂર્વક પોતાના દીકરાને પૂછ્યું. 'આ દુનિયામાં સૌથી શક્તિશાળી માણસ કોણ છે?' પુત્રએ પિતાને ખૂબ જ આદરપૂર્વક હસતાં હસતાં કહ્યું, 'પપ્પા, મારા સિવાય બીજું કોણ હોઈ શકે?'

પિતાને આ જવાબની આશા ન હતી. તેમને વિશ્વાસ હતો કે તેમનો દીકરો ગર્વથી કહેશે કે, 'બાપુજી આ દુનિયાના સૌથી શક્તિશાળી માણસ તમે છો. જેણે મને આટલો યોગ્ય બનાવ્યો.'

તેમની આંખોમાં જળજળીયા આવી ગયા. તે ચેમ્બરનું બારણું ખોલી બહાર નીકળવા લાગ્યા. તેમણે પાછા વળીને ફરી એક વાર દીકરાને પૂછ્યું, 'બેટા, ફરી એકવાર મને કહે જોઉં,આ દુનિયાનો સૌથી શક્તિશાળી માણસ કોણ છે?'

પુત્રએ આ વખતે કહ્યું, 'પપ્પા, તમે છો, આ દુનિયાના સૌથી શક્તિશાળી માણસ.'

પિતા આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે કહ્યું, 'હમણાં તો તું પોતાની જાતને દુનિયાનો સૌથી શક્તિશાળી માણસ કહેતો હતો. હવે તું મને કહે છે ?'

પુત્રએ હસતાં હસતાં તેમનો હાથ પકડી સામે ખુરશીમાં બેસાડ્યા અને પ્યુનને ચ્હા લાવવાનો આદેશ કર્યો. પછી પોતે તેમની નજીકમાં જઈ બેસી ગયો અને પિતાની સામે જોવા લાગ્યો.

'બેટા, તારી વાત મને કંઈ સમજાઈ નહીં. કંઈ સ્પષ્ટતા કરે તો ખબર પડે.' પિતાએ કહ્યું.

પ્યુન એક ટ્રેમાં બંને માટે પાણી અને ચ્હા લઈને અંદર પ્રવેશ્યો.

'ટેબલ પર મુકી દો.' દીકરાએ કહ્યું, પ્યુન તે મુકી ચાલ્યો ગયો.

પિતા હજુ આશ્ચર્યથી પુત્રને જોઈ રહ્યા હતા. તેણે પિતા તરફ લાગણી છલકતી આંખો જોયું અને ધીમેથી કહ્યું. 'પપ્પા, તે વખતે તમારો હાથ મારા ખભા પર હતો. જે પુત્રના ખભા પર કે માથા પર પિતાનો હાથ હોય તે પુત્ર તો દુનિયાનો સૌથી શક્તિશાળી માણસ જ હોય ને...'

પિતાની આંખો છલકાઈ આવી. તેમણે પોતાના પુત્રને જકડીને ગળે લગાડી દીધો.

# સંબંધોનાં વિશ્વની પ્રત્યેક ભૂમિકા આપણે અસરકારક રીતે ભજવી શકીએ છીએ?



**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

અમિતાભ બચ્ચનને એક ટી.વી. ઈન્ટરવ્યૂમાં એક પ્રશ્ન પૂછવામાં આવ્યો. "આપે આપની બધી જ ફિલ્મોમાં અસરકારક ભૂમિકાઓ ભજવી છે. આપની ભૂમિકાઓમાં અનેક પ્રકારની વિવિધતાઓ હોવા છતાં આપે મોટાભાગની ભૂમિકાઓ અસરકારક રીતે ભજવી છે અને તમામ ભૂમિકાઓને આપ સાચો ન્યાય આપી શક્યા છો. આપના વ્યક્તિગત જીવનમાં પણ આપે વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી હશે. શું આપ ખાતરીપૂર્વક એવું કહી શકો કે ફિલ્મોની ભૂમિકાઓની જેમ જ વ્યક્તિગત જીવનમાં પણ આપે બધી જ ભૂમિકાઓ અસરકારક રીતે ભજવી છે?"

પ્રશ્ન સાંભળીને અમિતાભજી થોડી ક્ષણો માટે અટક્યાં, પોતાના ચહેરા ઉપર એક મુસ્કાન લાવ્યા અને પછી હસતાં હસતાં ઉત્તર આપ્યો, "ફિલ્મોમાં મે અસરકારક ભૂમિકાઓ ભજવી છે કે નહીં એ નક્કી કરવાની ભૂમિકા મારી નથી, એ ભૂમિકા ફિલ્મ દિગ્દર્શકો, વિવેચકો અને પ્રેક્ષકોની છે. એવી જ રીતે મારા વ્યક્તિગત જીવનની ભૂમિકાઓ મેં અસરકારક રીતે ભજવી છે કે નહીં એ નક્કી કરવાની ભૂમિકા મારા કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ અને મિત્રોની છે. એટલે તેઓને પુછો તો જ તમને સાચો અભોપ્રાય મળે કે તેઓની સાથે મેં મારી ભૂમિકા અસરકારક ભજવી છે કે નહીં અને તેઓની સાથે મારી ભૂમિકાને મેં સાચો ન્યાય આપ્યો છે કે નહીં." અમિતાભજીને પૂછાયેલા પ્રશ્નના આ પ્રકારના ઉત્તરની એ પ્રશ્ન પૂછનારે કે કદાચ કોઈએ કલ્પના પણ નહીં કરી હોય.

આપણે આપણાં જીવનનાં સંબંધોનાં વિશ્વમાં એક વ્યક્તિ તરીકે અનેક પ્રકારની ભૂમિકાઓ ભજવતા રહીએ છીએ. સંબંધોનાં વિશ્વમાં કેટલીક ભૂમિકાઓ આપણને જન્મની સાથે જ વારસામાં મળતી હોય છે. જીવન વીતવાની સાથેસાથે પણ ઘણીબધી ભૂમિકાઓ ભેટમાં મળતી જાય છે. એક વ્યક્તિ તરીકે આપણે જન્મ લઈએ છીએ ત્યારે દીકરો, દીકરી, ભાઈ, બહેન, ભત્રીજી, ભત્રીજો, ભાણેજ, જેવી ભૂમિકાઓ આપણે આપણી સાથે જ લઈને અવતરીએ છે. સમય જતાં નવનવા સામાજિક સંબંધો વિકસતા જાય છે અને એ વિકસતા સંબંધોની સાથેસાથે પતિ, પત્ની, માતા, પિતા, દાદા, દાદી, માસા, માસી, સાસુ, સસરા, મામા, મામી, જમાઈ, બનેવી, પુત્રવધૂ, નણંદ, કે મિત્ર જેવી ભૂમિકાઓ આપણાં જીવનમાં ઉમેરાતી જાય છે.

જન્મની સાથે વારસામાં મળેલી બધી જ ભૂમિકાઓ અને જીવન વિતવાની સાથેસાથે ઉમેરાતી જતી બધી જ ભૂમિકાઓ આપણે મૃત્યુ પર્યંત ભજવવી પડે છે. સમય વિતવાની સાથે આપણું આયખુ ઓછું થતું જાય છે પણ આપણી ભૂમિકાઓ ક્યારેય ઓછી થતી જ નથી. ઊલટાનું આપણી સામાજિક ભૂમિકાઓમાં વધારો થતો જ રહે છે અને એ બધી જ ભૂમિકાઓ જીવનપર્યંત આપણને વળગેલી જ રહેતી હોય છે.

તમામ અભિનેતાઓ અને અભિનેત્રીઓની જેમ જ આપણે સૌ હંમેશા એવું ઈચ્છીએ છીએ કે આપણે આપણી દરેક ભૂમિકા અસરકારક રીતે ભજવાય અને તેમાં યે ખાસ કરીને આપણાં કૌટુંબિક અને સામાજિક સંબંધો સાથે જોડાયેલી ભૂમિકાઓ એક નટસમ્રાટની જેમ ભજવાય.

થોડીવાર માટે ફરી પાછા અમિતાભ બચ્ચનની વાત ઉપર આવીએ. કોઈ એક દિગ્દર્શકે પોતાની ફિલ્મમાં અમિતાભ પાસેથી એક અભિનેતા તરીકે જે અપેક્ષા રાખી હોય એ અપેક્ષા જો અમિતાભે પૂરી કરી હોય, એક અદાકાર તરીકેની દિગ્દર્શક પ્રત્યેની પોતાની ફરજો યોગ્ય રીતે અદા કરી હોય તો એવું કહી શકાય કે તેમણે દિગ્દર્શક પ્રત્યેની પોતાની ભૂમિકા તેમણે અસરકારક રીતે ભજવી છે.

એવી જ રીતે સંબંધોના વિશ્વમાં આપણી પોતાની ભૂમિકા અસરકારક રીતે ભજવવી એટલે બીજું કઈ જ નહીં પણ ઉભયપક્ષ સંબંધીઓની અપેક્ષાઓ પૂરી કરવી, તેમના પ્રત્યેની આપણી સામાજિક અને કૌટુંબીક ફરજો અદા કરવી. ઉભયપક્ષની અપેક્ષાઓ સંતોષાય, તેઓ પ્રત્યેની આપણી જવાબદારીઓ કે ફરજો જો યોગ્ય રીતે અદા કરીએ તો એમ કહી શકાય કે આપણે આપણી ભૂમિકા અસરકારક રીતે ભજવી છે. કોઈપણ એક સંબંધને લગતી આપણી ફરજો આપણે પૂરી ન કરી શકીએ, તેની યોગ્ય અપેક્ષાઓ પૂરી ન કરી શકીએ તો એ સંબંધમાં આપણે આપણી ભૂમિકા અસરકારક રીતે ભજવવામાં નિષ્ફળ ગયા છીએ એવું કહી શકાય.

મહેશ ભટ્ટ દિગ્દર્શિત ફિલ્મ "સારાંશ" માટે એ સમયે અઠયાવીસ વર્ષના અભિનેતા અનુપમ ખેરને બાસઠ વર્ષના વૃદ્ધની ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા પછી પોતાની ભૂમિકા માટે દિગ્દર્શક મહેશ ભટ્ટ શું અપેક્ષા રાખે છે તેની દરેક દૃશ્યવાર લગભગ સતત એક અઠવાડીયા સુધી વિગતવાર ચર્ચા કરીને અનુપમજીએ પોતાની એ વૃધ્ધની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આમ કોઈપણ ફિલ્મ અભિનેતાને જ્યારે ફિલ્મમાં ભૂમિકા ભજવવા માટે આપવામાં આવે છે ત્યારે તે પોતાની ભૂમિકાની સ્પષ્ટતા કરવા માટે દિગ્દર્શક સાથે વિગતવાર ચર્ચા કરી લેતા હોય છે. શુટીંગ દરમ્યાન પણ આ પ્રક્રિયા સતત ચાલુ જ રહેતી હોય છે. ભૂમિકાની સ્પષ્ટતાને કારણે જ અદાકાર પોતાની ભૂમિકા અસરકારક રીતે ભજવી શકતા હોય છે.

સંબંધોની ભૂમિકાનું પણ એવું જ હોય છે. આપણાં સંબંધોનાં વિશ્વની કોઈપણ ભૂમિકા અસરકારક રીતે ભજવવા માટે સૌથી પહેલી શરત એ છે કે એ ભૂમિકાની આપણને સ્પષ્ટતા હોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો જે તે સંબંધોમાં ઉભયપક્ષ સંબંધીની આપણી પાસેથી શું અપેક્ષા છે, તેના પ્રત્યેની આપણી શું ફરજો છે તેની આપણને સ્પષ્ટતા હોવી જોઈએ. ઉદાહરણ તરીક એક પિતા તરિકેની ભૂમિકામાં બાળકોની આપણી પાસેથી શું અપેક્ષા છે અને તેના પ્રત્યેની આપણી શું ફરજો છે તેની આપણને સ્પષ્ટતા હોવી જોઈએ. અન્ય કાયદાકીય ફરજોની જેમ એ ફરજોના વિષે ના કોઈ દસ્તાવેજો હોય છે કે ના કોઈ તામ્રપત્રો. સંબંધોના વિશ્વમાં આપણે ભજવતા દરેક ભૂમિકાની સાથે સંકળાયેલી ફરજો તો વણકહી અને વણલખી જ હોય છે જે આપણે સમજી જવાની હોય છે. આમ છતાં એ ફરજોની આપણને સ્પષ્ટતા હોવી જરૂરી છે કારણ કે સ્પષ્ટતા હોય તો અને તો જ આપણે આપણી ભૂમિકા અસરકારક રીતે ભજવી શકીએ.

(ક્રમશઃ)

# આર્થિક પાયમાલીથી રાષ્ટ્રને બચાવવું - હાલનો સર્વધર્મ!



**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આ અખિલ બ્રહ્માંડમાં અગણિત જીવો - માનવો વગેરે જીવી રહ્યા છે તેના ભાવિની ચિંતા કરનાર સજીવ સૃષ્ટિમાં જો કોઈ હોય તો એ માનવજાત છે. સૃષ્ટિ આખી નાશ પામે એવું શક્ય નથી છતા એ જીવી ના પણ શકે તે તદ્દન શક્ય બની ગયાનો દુ:ખદ અનુભવ કોરોના વાઈરસે કરાવી દીધો છે જે નરી આંખે દેખાતો નથી પણ જીવ લઈ લેવાની તાકાત ધરાવે છે ! આવા કેમિકલ વેપનની શોધ કરનાર પણ એ ભૂલી જ જાય છે કે સમગ્ર સૃષ્ટિ જે ચલાવે છે તે પાલન કરે છે તે અદ્ભૂત શક્તિથી તેઓ ઉપર નથી અર્થાત કુદરતની મરજી વિના કંઈ જ શક્ય બનતું નથી. છતાં પણ વિનાશક પ્રવૃત્તિઓ બંધ થતી નથી. લોકડાઉન પૂરા વિશ્વના બધા જ દેશોમાં કરવાનું થયું એ અત્યંત વ્યાજબી કદમ હતું અને સમય જતા લોકો ને અસુવિધાઓથી હેરાનગતિ ના થાય એ પ્રકારે બધા એ અનલોક પ્રક્રિયા પણ અમલમાં મુકી. આ મુદ્દા ઉપર કોઈ જ ચર્ચા ઉચિત નથી લાગતી છતાં હવે જે ચિંતા કરવાની છે એ આર્થિક ગતિવિધિ ફરીથી કઈ રીતે નિયમિત બને એ વિશે છે. એપ્રિલથી જૂન ૨૦૨૦ ના પ્રથમ ત્રિમાસિક જે અહેવાલ બન્યા અને આંકડા સામે આવ્યા તે ભય ઊભો કરનારા જરૂર છે!!

લોકડાઉનના કારણે ૩ માસમાં જીડીપી રૂા. ૮.૭૫ લાખ કરોડ ઘટી ગયો જે છેલ્લા ૨૪ વર્ષમાં સૌથી મોટો - ૨૩.૯ નો ઘટાડો દર્શાવે છે અને આગામી ત્રિમાસિક ગાળામાં પણ એ ઘટશે તેવું અનુમાન વ્યક્ત થયું છે! સમગ્ર વર્ષ નકારાત્મક રહી શકે છે અન્ય દેશોમાં જેમ કે યુ.કે. - ૨૦.૯, ફ્રાન્સ - ૧૩.૮, ઈટાલી, ૧૨.૪, કેનેડા - ૧૨, જર્મની - ૧૦.૧, અમેરિકા - ૯.૫, જાપાન ૭.૬, ચીન - ૩.૨ ટકા નોંધાવામાં આવેલ છે.

વાસ્તવમાં આ પરિણામો આવી શકે કારણ કે તમામ આર્થિક પ્રવૃત્તિઓ બંધ હતી અને લોકો પોતાના ઘરમાં જ કેદ હતા એટલે કંઈ જ શક્ય હતું નહીં. આપણું રેલવે માળખું, સિવિલ એવિયેશન, તથા વાહન વ્યવહાર, ફેકટરીઓ, મોલ, હોટલો બધું જ બંધ એટલે પરિણામ સારું આવે તેવી ધારણા પણ હતી નહીં, હવે પછીનાં સમયમાં શું કરીએ કે આર્થિક હાનિથી બચી શકાય એ ખૂબ પાયાનો ચિંતાકારક પ્રશ્ન છે.

વિશ્વ સ્તરની ચર્ચિત સંસ્થાએ પણ ભારતના જીડીપીની કમી અંગે ૧ થી ૬ના ઘટાડા અંગે ભવિષ્યવાણી કરી હતી. કૃષિના માળખામાં કંઈક સ્થિતિ તુલનાત્મક સારી રહી છે જે ખેડૂતો અને શ્રમિકોનાં પ્રયાસોનું જ પરિણામ છે બાકી ઉત્પાદનમાં ૪૦% ઘટ, સેવાકીય ક્ષેત્રોમાં ૨૦% ઘટ અને હાલ ૨ કરોડ નોકરીઓ જતી રહી છે અને અંસગઠિત ક્ષેત્રનાં ૧૦ કરોડથી વધુ લોકો કામ વિના ઘરે બેઠા છે કારણ કે ટુરિઝમ અને હોટેલ્સ પ્રવૃત્તિઓ ઠપ્પ છે! ભારતની વસ્તીના પ્રમાણમાં બધાને કામ ઉપલબ્ધ કઈ રીતે કરાવવું એ મહત્ત્વનો સવાલ છે. કાપડ ઉદ્યોગમાં પણ મિલો બંધ છે ત્યાં કામ કરનારા શ્રમિકોના પરિવારો દયનીય હાલતમાં જીવી રહ્યા છે. શિક્ષણ સંસ્થાઓ તો બંધ છે ભલે ઓનલાઈનના નામે બધું થતું હોય પણ ત્યાં જે શિક્ષકો છે તેઓ નાણાભીડ ભોગવી જ રહ્યા છે. આઝાદી બાદ જે કંઈ આપણે મહામુશ્કેલીથી પ્રાપ્ત કર્યું હતું એ કોરોનાએ માત્ર ૩ માસમાં જ છીનવી લીધું તેવું દેખાય ત્યારે પીડા થાય એ બહુ જ સહજ છે. અધુરામાં પુરું ચાલું ખરીફ પાક વિપુલ માત્રામાં મળે તેવી હાલત હતી તેમાં અતિવૃષ્ટિ આવતા લીલો દુષ્કાળ સામે દેખાઈ રહ્યા છે. શિવમંદિર નર્મદા નદીના કિનારે પીડા હરવા મહાદેવ હતાં એ મંદિરે જ જળસમાધિ લઈ લીધી !! મતલબ કે ૨૦૨૦નું વર્ષ માનવજાતને દંડ કરવાની જોગવાઈ વાળું સાબિત થઈ રહ્યું છે. કુદરત દંડો લઈને મૌરવા જાય નહીં અને તેનો માર દેખાય નહીં છતાં અનુભવાય છે અને એ જ કર્મનો સિદ્ધાંત કહેવાય છે. શિક્ષણ કાર્ય કલાસમાં થાય એને જ સાર્થક કહેવાય માટે શિક્ષણ માટે વિચારીને આગળ વધવું પડશે. બાળકો હવે માનસિક રીતે થાક્યા છે પણ કોઈ પીડાઓનો અંત આવે એક, વાઈરસની હુમલો કરવાની શક્તિ તદ્દન ક્ષીણ થઈ જાય અથવા બીજું વિશ્વમાંથી વિશ્વાસવાળી વેક્સિન કે દવા માર્કેટમાં આવી જાય. આમાંથી કંઈ પણ શક્ય બને તો ગાડી પાટે ચઢતા વાર લાગશે નહીં. ઘણા દેશો વેક્સિનની ટ્રાયલમાં ઝડપથી કામ કરી રહ્યા છે છતાં ૨૦૨૦ સુધીમાં એ મળશે જ તેવું દેખાયું નથી!! કોરોના વોરિયર્સ, અધિકારીઓ, સુરક્ષાકર્મીઓ હવે આ કોરોનાની સમસ્યાથી વાસ્તવમાં થાકી ગયા છે છતાં બધું કરી રહ્યા છે તેઓને દિલથી વંદન છે.

લોકશાહીમાં સરકાર જ બધું કરી શકે છે પ્રજા એ તેમાં સહકાર આપવાનો હોય તો જ રાષ્ટ્ર બધામાં જીતે અને લોકશાહી સુખદ બને. આ સ્થિતિમાં જો લોકોની રોજગારી જે કોઈ ક્ષેત્રમાં હોય તે છીનવાય નહીં એ કાળજી વડાપ્રધાન મોદી લે તેવી અપીલ છે, કારણ કે નવા જોબની વાતમાં હવે ખુબ સંઘર્ષ પછી એ શક્ય કદાચ બનશે ત્યારે ખર્ચ ઘટાડવા ચાલુ જોબવાળાને છટણી કરીને કે અન્ય પ્રકારે જાકારો આપશો નહીં. મધ્યમવર્ગ એ બધાનો બોજ ઉઠાવી રહ્યો છે જે બધા જાણે છે અને આ વર્ગ જ માર્કેટમાં માંગ ઊભી કરવામાં મુખ્ય છે. ક્રમશ: બધા ક્ષેત્રો ખુલતા જશે એમ એણ આવકવૃત્તિ સરકારની પણ થશે. વધુ કરવેરાથી અને મોંઘવારીથી પ્રજાત્રસ્ત છે. પરિવારો પુષ્કળ રીતે પીડિત છે એટલું યાદ રાખવું જ પડશે. આર્થિક કમાણીથી જ ખુશી ઉત્પન્ન થાય છે. આપણે સદાચારથી સુખની ઈચ્છા પૂરી કરવામાં શ્રદ્ધા રાખીએ છીએ.

**શેર આસ્વાદ :**
**હું એટલા જ માટે તો નાસ્તિક નથી થયો**
**ઈશ્વર હશે તો કોઈ દિવસ કામ આવશે**
**- (જલન માતરી)**